RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 28, Dt.13-04-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઈરાન-ઈઝરાયલ વચ્ચે યુદ્ધના ભણકારા



## ભારતે હેલ્પલાઈન નંબર જાહેર કર્યો; એર ઈન્ડિયાએ ઈરાનની એરસ્પેસનો ઉપયોગ કરવાનું બંધ કર્યું: અમેરિકાએ ઈઝરાયલમાં પોતાની સેના મોકલી: નાગરિકોને ઈરાન-ઈઝરાયલ ન જવાની સલાહ ભારત સહિત અનેક દેશોએ આપી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે અમેરિકાએ ઈઝરાયલમાં પોતાની સેના મોકલી છે. 'ટાઈમ્સ ઓફ ઈઝરાયલ'ના રિપોર્ટ અનુસાર, અમેરિકાનું એરક્રાફ્ટ કેરિયર બ્જજ ડ્વાઈટ આઈઝનહોવર લાલ સમુદ્ર થઈને ઈઝરાયલ પહોંચી રહ્યું છે. તે ઈરાન દ્વારા છોડવામાં આવતી મિસાઈલ અને ડ્રોનને રોકવામાં સક્ષમ છે.

બીજી તરફ એવા પણ કેટલાક સમાચાર સામે આવી રહ્યા છે કે, ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સંભવિત યુદ્ધના ખતરાને ધ્યાનમાં રાખીને યુરોપ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ્સ ઈરાની એરસ્પેસમાંથી પસાર થશે નહીં. પશ્ચિમ યુરોપ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ્સને ૨ કલાક જેટલો વધુ સમય લાગી શકે છે

ન્યૂઝ એજન્સી અજ્ઞ અનુસાર, એક અમેરિકન રક્ષા અધિકારીએ કહ્યું, પઅમે યુદ્ધને વધતા રોકવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ઉપરાંત, અમે અમેરિકન દળોની સુરક્ષા વધારવા માટે મધ્ય પૂર્વમાં વધારાના સૈનિકો મોકલી રહ્યા છીએ.

અહીં ભારત-અમેરિકા, બ્રિટન, રશિયા અને ફ્રાન્સ સહિત ૫ દેશોએ તેમના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે. જેમાં નાગરિકોને ઈરાન અને ઈઝરાયલ ન જવાની સલાહ આપવામાં આવી છે.

ટાઈમ્સ ઓફ ઈઝરાયલે અમેરિકન અધિકારીઓને ટાંકીને જણાવ્યું છે કે ઈરાન આવનારા દિવસોમાં ઈઝરાયલ અને મધ્ય પૂર્વમાં ઘણી જગ્યાઓને નિશાન બનાવશે.

ઈરાનના હુમલાથી બચવા અમેરિકા ઈઝરાયલને મદદ કરશે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ઈરાનમાં ક્રૂઝ મિસાઈલ અને ડ્રોન સંબંધિત ભારે હિલચાલ પર નજર રાખવામાં આવી છે. આનો અર્થ એ થઈ શકે છે કે હુમલો ઈરાનની ધરતી પરથી થઈ શકે છે.

## કાલે ભાજપ તેનું સંકલ્પપત્ર રિલિઝ કરે તેવી સંભાવના: ચૂંટણી ઢંઢેરા માટે દેશની જનતા પાસેથી પાંચ લાખ સુચનો આવ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૨૦૨૪ની લોકસભા ચૂંટણીની તૈયારી માટે તમામ રાજકીય પક્ષો પોતપોતાના પ્રયાસો કરી રહ્યા છે. પીએમ નરેન્દ્રભાઈ મોદી સતત રેલીઓ અને જાહેર સભાઓને સંબોધિત કરી રહ્યા છે. આ સાથે જ ભાજપના અન્ય વરિષ્ઠ નેતાઓ પણ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. પ્રથમ તબક્કાની ચૂંટણી ૧૯ એપ્રિલથી શરૂ થવાની છે પરંતુ ભાજપે હજુ સુધી તેનો ઢંઢેરો જાહેર કર્યો નથી. એવું માનવામાં આવે છે કે ભાજપ ૧૪ એપ્રિલે તેનું નસંકલ્પ પત્રથ રિલીઝ કરી શકે છે.



ીએમ નરેન્દ્રભાઈ મોદી, રક્ષા મંત્રી રાજનાથ સિંહ, મંત્રી અમિત શાહ અને બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા મેનિફેસ્ટો જાહેર કરી શકે છે. ૧૪મી એપ્રિલના દિવસને ખાસ માનવામાં આવે છે કારણ કે તે આંબેડકર જયંતિ છે અને નવરાત્રીના પવિત્ર દિવસો પણ ચાલી રહ્યા છે. આવી સ્થિતિમાં, પાર્ટીનો આ તારીખ જ પસંદ કરવાનો કોઈક ઈરાદો હોઈ શકે છે.

ચૂંટણી ઢંઢેરો તૈયાર કરવા માટે ભાજપે એક સમિતિની પણ રચના કરી હતી. પાર્ટીએ રક્ષા મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં ૨૭ સભ્યોની મેનિફેસ્ટો કમિટીની રચના કરી હતી. સમિતિની ઘણી બેઠકો થઈ છે. ભાજપે તેના ઘોષણાપત્ર માટે લોકો પાસેથી સૂચનો પણ માંગ્યા હતા, જેને પાર્ટી તેનું સંકલ્પ પત્ર કહે છે. દોઢ લાખથી વધુ લોકોએ વીડિયો દ્વારા પાર્ટીને પોતાના સૂચનો મોકલ્યા છે. એટલું જ નહીં પરંતુ નમો એપ દ્વારા ૪૦ હજારથી વધુ સૂચનો આવ્યા છે. એકંદરે, ભાજપને તેના મેનિફેસ્ટો માટે જનતા પાસેથી લગભગ ૫ લાખ સૂચનો મળ્યા છે.

પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે પોતાના રિઝોલ્યુશન લેટરમાં વિકાસ, વિકસિત ભારત, યુવાનો, મહિલાઓ, ગરીબો અને ખાસ કરીને ખેડૂતોને લઈને મોટી જાહેરાતો કરી શકે છે. એવું માનવામાં આવે છે કે આ વખતના મેનિફેસ્ટોની થીમ નમોદીની ગેરંટી: વિકસિત ભારત ૨૦૪૭' હશે. તમને જણાવી દઈએ કે કોંગ્રેસ પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરી ચૂકી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ પાર્ટીનો મેનિફેસ્ટો બહાર પાડ્યો હતો. કોંગ્રેસે તેનું નામ નન્યાય પત્રથ રાખ્યું છે. પાર્ટીએ તેના ઘોષણાપત્રમાં ૨૫ ગેરંટી આપી છે, જેમાં ગરીબ પરિવારોના કલ્યાણ અને મહિલાઓને દર વર્ષે ૧ લાખ રૂપિયાની સહાયનો સમાવેશ થાય છે. આ સિવાય પાર્ટીએ યુવાનોને રોજગાર આપવા અંગે પણ ઘણા વચનો આપ્યા છે.

## ૭૫ ટકા દિવ્યાંગતા ધરાવતા વ્યકિતને ભરણ પોષણનો ખર્ચ આપવા મજબૂર કરી શકાય નહીં: કર્ણાટક હાઈકોર્ટ

### દિવ્યાંગ પતિ પાસે રોજગારની અપેક્ષા રાખવી અવ્યવહારિક

**મુખ્ય સમાચાર, બેંગ્લુરુ**

કર્ણાટક હાઈકોર્ટે ૭૫ ટકા દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિને તેની અલગ રહેતી પત્નિને ભરણ પોષણનો ખર્ચ આપવા મજબૂર કરવાનો ઈનકાર કર્યો છે. અને તેની ધરપકડ કે દંડ લગાવવા સંબંધી નીચલી કોર્ટના આદેશને પણ ફગાવી દીધો છે.



ન્યાયમૂર્તિ એમ. નાગપ્રસન્નાની સિંગલ ન્યાયાધીશ પીઠે પતિની શારીરિક વિવશતા પર જોર દઈને કહ્યું હતું કે પતિ બૈસાખીની મદદથી ચાલે છે. જેથી ભરણ પોષણ માટે ખર્ચ ચૂકવવા તેની પાસે રોજગારની અપેક્ષા અવ્યવહારિક છે.

વૈવાહિક જીવનમાં કલેશના કારણે પતિએ તલાકને લઈને અરજી દાખલ કરી હતી જેમાં આરોપ લગાવ્યો હતો કે પત્નીએ તેને સ્વૈચ્છાથી છોડી દીધો હતો. દરમિયાન પત્નીએ હિન્દુ વિવાહ અધિનિયમની કલમ ૨૪ અંતર્ગત વચગાળાના ભરણપોષણનો ખર્ચ આપવાનો અનુરોધ કર્યો હતો.

શરૂઆતમાં ૧૫ હજાર રૂપિયા દર મહિને આપવામાં આવ્યા. બાદમાં પતિ દિવ્યાંગ થઈ ગયો અને તે ભરણ પોષણ ભથ્થુ આપવામાં અસમર્થ થઈ ગયો.

## અમેરિકાની અંતરિક્ષ એજન્સી નાસા દ્વારા લાખો ચમકતા તારાનો સર્વે કરાઈ રહ્યો છે

### સૂર્ય મંડળની બહાર ૭૧ હજારથી વધુ ગ્રહોની ઓળખ મેળવી છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકાની અંતરિક્ષ એજન્સી 'નાસા' દ્વારા ટ્રાન્ઝીટ એકસપ્લોનેટ સર્વે સેટેલાઈટ (ટેસ) મારફત સૂર્યમંડળની બહાર ૭૧૦૦૦થી વધુ ગ્રહોની ઓળખ મેળવી છે તેમાંથી અત્યાર સુધીમાં ૪૩૨ની પૃષ્ટિ થઈ ચૂકી છે.



નાસાએ ૨૦૧૮માં 'ટેસ' ટેકનીકને અવકાશમાં લોન્ચ કરી છે તેના દ્વારા અવકાશમાં સૂર્યની આસપાસ મૌજૂદ બે લાખ ચમકતા તારાનો સર્વે કરવામાં આવી રહ્યો છે. સ્વીટઝરલેન્ડમાં યુનિવર્સિટી ઓફ જીનીવાના મૈથ્યુ બેટલીના નેતૃત્વમાં વૈજ્ઞાનિકોની ટીમે ટ્રાન્ઝીટ સિગ્નલની ઓળખ મેળવી હતી અને ત્યારબાદ નવા ગ્રહની પૃષ્ટિ કરવામાં આવી હતી.

## ત્રાસવાદીઓ નિયમ પાડતા ન હોય, તેમના ખાત્મા માટે પણ કોઈ નિયમની જરૂર નથી: એસ. જયશંકર

### કાશ્મીર પર આક્રમણ અને મુંબઈ હુમલા જેવી ઘટનાઓમાં ભારત જવાબ ન આપે તે વાત કોઈ સ્વીકારી શકે નહીં

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં ત્રાસવાદી પ્રવૃત્તિઓ અને હુમલાઓના આયોજનમાં સંડોવાયેલા અનેક ખુંખાર ત્રાસવાદી સંગઠનના ટોચના કમાન્ડરો વિદેશમાં નાસી ગયા છે. અને તેમના થઇ રહેલા રહસ્યમય મોત અંગે ભારત સામે આંગળી ચીંધવામાં આવી છે તે સમયે વિદેશ મંત્રી એસ. જયશંકરે એક મહત્વના વિધાનમાં કહ્યુ કે ત્રાસવાદીઓ જો નિયમ ન પાળતા હોય તો તેના ખાત્મા માટે પણ કોઇ નિયમ જરૂરી નથી.

હાલમાં જ કેનેડાએ પણ ભારત પર તેના દેશમાં શીખ અલગતાવાદીની હત્યા અંગે આરોપ મુક્યો હતો અને



પાડોશી પાકિસ્તાનમાં પણ જે રીતે એક બાદ એક ત્રાસવાદીઓને ભારત વિરોધી માફીયાઓની હત્યા થઇ રહી છે તે સમયે જયશંકરે જો કે તેમાં ભારતની ભૂમિકા અંગે કંઇ કહેવાનો ઇન્કાર કર્યો હતો. પરંતુ કહ્યું હતું કે જો તેઓ નિયમ ન માનતા હોય તો તેમના ખાત્મા માટે કોઇ નિયમ જરૂરી નથી.

પુનામાં તેઓએ યુવાઓ સાથે એક સંવાદમાં આ આક્રમક વિધાન કર્યું હતું અને કહ્યું કે ૨૦૧૪ બાદ ભારતની વિદેશ નીતિમાં મોટા પરિવર્તન આવ્યા છે. અને આતંકવાદને ખત્મ કરવા માટે આ જ એક ઉપાય છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન ભારતનો પાડોશી દેશ છે અને તેથી જ ફકત અમે જ જવાબદાર છીએ. તેમણે પોતાના સંબોધનમાં કહ્યું કે, પાકિસ્તાને અનેક વખત કાશ્મીરમાં આક્રમણ કર્યું છે અને તેનો આકરો જવાબ પણ અપાયો છે.

મુંબઇ હુમલાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે આ હુમલા બાદ ભારતમાં એક પણ વ્યકિત એવો નહીં હોય કે જેણે કહેવું પડે કે ભારતે જવાબ આપવો જોઇએ નહીં. તેમણે રાજદ્વારીની તુલના ભગવાન હનુમાન સાથે કરી હતી.

કહ્યું કે, તેઓએ એક આદર્શ ડીપ્લોટમેટનું મોડેલ આપ્યું છે જે પોતાના સ્વામી માટે અને દેશ માટે પોતાનો મુદ્દો મુકે છે અને હનુમાન જે રીતે લંકા ગયા અને પડકાર વચ્ચે પણ તેણે ભગવાન શ્રી રામનો પક્ષ મજબૂત રીતે રાખ્યો હતો તે ડીપ્લોમસીનો શ્રેષ્ઠ સિધ્ધાંત છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે ૧૯૬૨માં ચીનના ભારત પર આક્રમણ અને ભારતે જે રીતે મોટો પ્રદેશ ગુમાવવો પડ્યો છે તેના પર ટીપ્પણી કરતાં જણાવ્યું કે વાસ્તવમાં તત્કાલીન ગૃહમંત્રી સરદાર પટેલે અગાઉ જ ચીનનો ભરોસો નહીં કરવા વડાપ્રધાન જવાહરલાલ નહેરુને ચેતવણી આપી હતી. ૧૯૫૦માં ચીને તીબેટ પર કબજો કર્યો પછી ભારતે સાવધાન થઇ જવાની જરુર હતી.

સરદાર પટેલ આ મુદ્દે ચિંતિત હતા અને જવાહરલાલ નહેરુને તેનાથી વાકેફ કર્યા હતા પણ નહેરુએ ચીન સાથેની દોસ્તીને મહત્વ આપ્યું હતું અને પરિણામ આપણી સામે છે. હું ઇતિહાસની વાત કરું છું ત્યારે પણ ચીન સાથેના મુદાઓને ધ્યાનમાં રાખવા જોઇએ અને તેથી જ આ સરકારે ચીન સાથેની સરહદો પર સુરક્ષા વધારવાનું બજેટ રૂા.૧૪,૫૦૦ કરોડનું કર્યું છે.

## ડિજિટલ ઈફેકટને કારણે ચૂંટણી પ્રચારના ધંધામાં મંદી: છેલ્લા ૧૦ વર્ષમાં ૫૦ ટકા જેટલો ધંધો ઘટયાનું તારણ

### ચૂંટણી ત્રીજા તબકકામાં પહોંચી હોવા છતાં વેપારીઓ મોટા ઓર્ડરની રાહમાં

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં લોકસભા ચૂંટણી હવે તેના ત્રીજા તબકકામાં પહોંચી ગઈ છે અને તા.૧૯ના પ્રથમ તબકકાનું મતદાન પણ છે પણ આ ચૂંટણી પોલ-મર્ચન્ડાઈઝ-વેચનાર માટે નસારીથ જાય તેવા સંકેત નથી. ચૂંટણી આવે એટલે પ્રચાર સાહિત્યની બજાર ધમધમવા લાગે છે અને તેની એક વર્ષ અગાઉ તૈયારી થાય છે. અનુકુળ પક્ષોના ઝંડા, બેનર, ટીશર્ટ, ખેંસ, ફોટા જ નથી.




પ્રચારમાં હવે અનેક વખત નવા નવા જુસ્સા જેમકે બહેનો માટે પક્ષના પ્રતિકની બિન્દી તથા બંગડીઓનો ટોપી અને ખેંસ જ નહી ટીશર્ટ તથા સાડીઓ નાની હેન્ડબેગ, માસ્ક પણ રાજકીય પક્ષોને પ્રચારમાં કામ લાગે તે રીતે તૈયાર કરાય છે પણ હવે ડિજિટલ પ્રચારની બોલબાલા ઘટી છે તેના કારણે આ ફિઝીકલ ચીજોની ડિમાન્ડ રાજકીય પક્ષોની પણ નથી અને દિલ્હી જે આ પ્રકારના પ્રચાર-ચીજોનું મુખ્ય માર્કેટ છે. દેશભરમાં ત્યાંથી પહોંચે છે ત્યાં ૨૦૧૯ની સરખામણીમાં ૫૦% જેટલો ધંધો માંડ છે તેવું જથ્થાબંધ વેપારીઓ પણ સ્વીકારે છે તેટલું જ નહી પ્રચાર માટે પેમ્ફલેટ છાપવામાં પણ હવે રાજકીય પક્ષો કંજુસાઈ કરે છે.

કારણ કે તેઓને ડિજિટલ પ્રચારના ખર્ચ વધી ગયા છે. જો કે આ ટ્રેન્ડ છેલ્લા ૧૦ વર્ષથી શરૂ થયા છે. અગાઉ ઉમેદવાર આ પ્રકારના પ્રચાર સાહિત્ય માટે રૂા.૧૦-૧૫ લાખ ખર્ચી નાંખતા. ભાજપ તો કેન્દ્રીય સ્તરે જ તેના ઝંડા, ખેંસ, કેપ તૈયાર કરાવીને રાજયોને વિપરીત કરે છે પણ હવે તેણે પણ ડિજીટલ પ્રચારમાં વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. મુંબઈના ધારાવીમાં આ પ્રકારના પ્રચાર ચીજો બનાવવાનો ગૃહઉદ્યોગ છે તેની પણ અસર થઈ છે.

સુરતમાં ભાજપે હાલમાં જ ૧૦ લાખ ટોપીઓનો ઓર્ડર આપ્યો. ઉપરાંત આ ચૂંટણીમાં પ્રચાર માટે લાંબો સમય અપાયો છે તેથી આ પ્રકારના સાહિત્ય કરતા મોટા બેનર, હોર્ડીંગ્ઝ જે લાંબો સમય ટકે તેના પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે.

જો કે મહારાષ્ટ્રમાં લોકલ બિઝનેસ વધ્યો છે તેનું કારણ બે મોટા પક્ષ શિવસેના-એનસીપીમાં ભંગાણ બાદ ચુંટણી ચિહનો બદલાયા છે. નેતાઓના ચહેરા બદલાયા છે. આ પક્ષોએ નવા બેનરથી લઈને તમામ પ્રચાર સાહિત્ય નવુ કરવુ પડયું છે.

## પાકિસ્તાનમાં આવેલ ઐતિહાસિક હિન્દુ મંદિરનું ડિમોલિશન કરતાં નારાજગી

### મંદિર તોડી પાડીને કોમર્શિયલ કોમ્પ્લેક્ષનું બાંધકામ શરૂ કરી દેવાયું

**મુખ્ય સમાચાર, કરાંચી**

પાકિસ્તાન, અફઘાનીસ્તાન બોર્ડર પર આવેલા ઐતિહાસિક હિન્દુ મંદિરનું ડિમોલીશન કરીને કોમર્સીયલ કોમ્પ્લેક્ષનું નિર્માણ શરૂ કરવામાં આવતા વિવાદ સર્જાયો છે. ખાઈબર પખ્તુન્ખવા પ્રાંતમાં સ્થિત આ મંદિરના સંચાલકો ૧૯૪૭માં વિભાજન વખતે ભારત હિજરત કરી જતા મંદિરને તાળુ મારી દેવામાં આવ્યુ હતું.

ખાઈબર મંદિરના નામે ઓળખાતા આ ઐતિહાસિક ધર્મસ્થાનકની ઈંટો વારાફરતી કાઢી નાખવામાં આવતી હતી અને હવે સંપૂર્ણ ધરાશાયી કરી દેવામાં આવ્યુ છે. છેલ્લા ૧૦-૧૫ દિવસથી નવા



કોમ્પ્લેક્ષનું બાંધકામ પણ શરૂ કરી દેવામાં આવ્યું હતું. પાકના સતાવાર સૂત્રોએ કહ્યું કે આ સ્થળે મંદિર હોવાનો કોઈ રેકર્ડ નથી અને નવુ બાંધકામ કાયદા મુજબ જ થઈ રહ્યું છે.

સ્થાનિક લોકોનો એવો દાવો છે કે બોર્ડર સ્થળે ઐતિહાસિક હિન્દુ મંદિર હતું. મંદિરનું સંચાલન કરતો પરિવાર ૧૯૪૭ના ભાગલા વખતે ભારત હિજરત કરી ગયો હતો ત્યારથી મંદિર બંધ હતું. ભારતમાં ૧૯૯૨માં બાબરી ધ્વંશ વખતે કટ્ટરવાદીઓએ આ મંદિરને નિશાન બનાવીને નુકશાન કર્યુ હતું.

પાકિસ્તાન હિન્દુ મંદિર મેનેજમેન્ટ કમીટીના હારૂન સરબદયાલે કહ્યું કે ઐતિહાસિક મંદિરોની જાળવણીનું કામ પાક સરકારનું છે. આ ધર્મસ્થાનોનું રક્ષણ ૨૦૧૬ના કાયદા હેઠળ કરવુ પડે છે. પાક તંત્ર દ્વારા કોઈ રેકર્ડ ચકાસાયા વિના જ હિન્દુ મંદિર હોવાનો દાવો નકારવામાં આવ્યો છે.

# મોરબીમાં લગ્નની લાલચ આપી અપહરણના ગુનાના કેસમાં ચાર માસથી ફરાર આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીપીઆઇ કચેરી પોલીસ ટીમ દ્વારા માળીયા(મી) પોલીસ મથકમાં નોંધાયેલ લગ્નની લાલચે અપહરણ કેસના ગુનાનો ચાર માસથી વોન્ટેડ આરોપી કે જે રાજકોટ જીલ્લાના મેટોડા ખાતે હોવાની પૂર્વ બાતમીને આધારે આરોપીને ઝડપી લઇ હસ્તગત કરી આગળની કાર્યવાહી અર્થે માળીયા(મી) પોલીસ મથકમાં સોંપવા તજવીજ હાથ ધરી છે.

મોરબી સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર ટીમને ખાનગીરાહે માહીતી મળેલ હતી કે, માળીયા મીં પોલીસ મથકમાં નોંધાયેલ પો.સ્ટે. એ સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જવાના ગુનાનો પોકસો એક્ટ હેઠળ નોંધાયેલ ગુનામાં ચાર માસથી નાસતો ફરતો આરોપી મહેશભાઈ મોહનભાઈ ભંખોડીયા રાજકોટ જીલ્લાના મેટોડા જી.આઈ.ડી.સી ખાતે હાઈમેક કાસ્ટીંગ કારખાનામાં કામ કરતો હોવાની બાતમી મળેલ હોય. જેથી ઉપરોક્ત સ્થળે તપાસ કરતા મહેશભાઈ મોહનભાઈ ભંખોડીયા ઉવ-૨૪ રહે-ચાચાવદરડા તા.માળીયા(મીં) વાળો મળી આવતા તેને



હસ્તગત કરી મોરબી સર્કલ પીઆઇ કચેરી ખાતે લાવી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર સફળ કામગીરીમાં મોરબી સર્કલ પોલીસ ઇન્સ્પેકટર એન.એ.વસાવા, એ.એસ.આઈ. સુરેશભાઈ આર.ચાવડા, પો.હેડ કોન્સ. અરવિંદસિંહ ડી. પરમાર, પો.કોન્સ. નીલોફરબેન યુ.અબ્દાન, પો. કોન્સ. કૌશિકભાઈ બી.મણવર, પો.કોન્સ. મહેશભાઈ આર.ચાવડા જોડાયેલ હતા.

**વાંકાનેરના પ્રતાપ રોડ ઉપર વર્લીમટકાનો જુગાર રમતા એક ઝડપાયો,અન્ય એકનું નામ ખુલ્યું**

મળતી માહિતી અનુસાર વાંકાનેર સીટી પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન પ્રતાપ રોડ ઝાલા હોસ્પીટલ પાસે એક્સીસ બેન્કની સામે રોડ ઉપર જાહેરમાં નસીબ આધારીત પૈસાની હારજીતનો વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમતા ઇકબાલભાઇ અશરફભાઇ ચૌહાણ ઉવ.૨૩ રહે.વાંકાનેર,પ્રતાપ રોડ સીપાઇ શેરીને રોકડા રૂ.૧૦,૭૦૦/- તથા મોબાઇલ નંગ એક જેની કિ.રૂ.૫,૦૦૦/- એમ કુલ ૧૫,૭૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો, જ્યારે પકડાયેલ આરોપી વર્લી ફિચર્સના આકડાનું કપાત અન્ય આરોપી જુનેદ યાકુબ ભટ્ટી રહે.મીલપ્લોટ,વાંકાનેર પાસે કરાવતો હોવાની કબૂલાત આપતા હાલ પોલીસે બંને આરોપીઓ સામે જુગારધારા એક્ટ હેઠળ ગુનો નોંધી અન્ય આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

# જામનગરના શેખપાટ ગામ નજીક રખડતા ઢોરના ત્રાસથી વધુ એક જીંદગીનો અંત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના શેખપાટ ગામ નજીક બની ઘટના મોટરસાયકલ લઈને પસાર થઇ રહેલા દિનેશભાઇ ટંકારીયા નામના વૃદ્ધને ખુંટીયાએ ઢીક મારી પાડી દિધા: ગંભીર ઇજા પામતા સારવાર માટે જી.જી.હોસ્પિટલમાં ખસેડાયા બાદ લીધા અંતિમ શ્વાસ જામનગરના પંથકમાં રખડતા ઢોરનો ત્રાસ આસમાને હોવાની લોકમાં ખૂબ રાવ જોવા મળી રહી છે. અનેક વખત લોકો દ્વારા રખડતા ઢોર મામલે આવેદન ઉપરાંત રજૂઆતો કરવામાં આવી છે. અમુક કિસ્સાઓમાં તો ઢોરની ઢીંકે ચડેલા લોકોના મોત નિપજ્યા હોવાના કિસ્સાઓ પણ હજરાહજુર છે. અનેક લોકો ઘવાયા પણ છે છતાં કામગીરીના દાવા વચ્ચે પણ રખડતા ઢોરનો ત્રાસ અટક્યો નથી.આ વાતની ચાળી ખાતી ઘટના ગઇકાલે સામે આવી છે. જેમાં શેખપાટ નજીક બાઇકને આડે એકાએક ખૂંટિયો ઉતરતા અકસ્માત



સર્જાયો હતો. બાઇકનું નિયંત્રણ ખોઇ બેઠેલા ચાલક રોડ પર પટકાતા તેમને ગંભીર ઇજા થવા પામી હતી. જેને પગલે તેમનું કમકમાટીભર્યું મોત નિપજતા પરિવારજનોમાં કરૂણ કલ્પાંત ફેલાયો છે.જામનગર પંથકમાં રખડતા ઢોરને પરિણામે અનેક અકસ્માતો થયા છે. તેવામાં રખડતા ઢોરને પગલે વધુ એક અકસ્માત થયો હોવાનું સામે આવ્યું છે. જામનગરના શેખપાટ પાસે નજીકથી બાઇક સવાર દિનેશભાઇ ટંકારિયા નામના વૃધ્ધ પસાર થઇ રહ્યાં હતાં. આ વેળાએ એકાએક રોડ પર ખૂંટિયો આડો ઉતરતા દિનેશભાઇએ બાઇક પરથી નિયંત્રણ ગુમાવી દીધું હતું.જેને લઇને બાઇકચાલક માર્ગ પર પટકાતા તેઓને માથા ભાગે તથા શરીરના ભાગે ગંભીર ઇજાઓ થઇ હતી. જેને લઇને માર્ગ પર લોકોના ટોળેટોળાં એકઠા થયા હતાં. બીજી તરફ વાહનોના પણ થપ્પા લાગતા અકસ્માતને લઇ ક્ષણિક ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાયા હતાં. બીજી બાજુ અકસ્માત મામલે સ્થાનિક પોલીસને જાણ થતાં પોલીસ કાફલો તાબડતોબ ઘટના સ્થળે દોડી ગયો હતો.જ્યાં ઇજાગ્રસ્ત દિનેશભાઇને સારવાર અર્થે જામનગરની જી.જી.હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જો કે ટૂંકી સારવાર કારગત ન નિવડતા દિનેશભાઇએ હોસ્પિટલ બિછાને આખરી શ્વાસ લીધા હતાં. આથી તબીબે દિનેશભાઇનું મોત થયાનું જાહેર કરતાં પરિવારજનોમાં રો-કકળ મચી હતી. બીજી બાજુ રખડતા ઢોરને લઇ વધુ એક વૃધ્ધનો જીવનદિપ બુઝાતા ઢોરને મામલે કરાતા તંત્રના દાવા પણ પોકળ સાબિત થયા હોય તેવું લાગી રહ્યું છે.

# મોરબીના મદીના પેલેસના પાર્કિંગમાંથી વિદેશી દારૂની ૯૬ બોટલ સાથે એક ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે મોરબીના અયોધ્યાપુરી રોડ ઉપર મદીના પેલેસ નામના એપાર્ટમેન્ટમાં દરોડો પાડી એપાર્ટમેન્ટના પાર્કિંગમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૯૬ નંગ બોટલ સાથે એક આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે, જયારે દરોડા દરમિયાન અન્ય એક આરોપી નાસી ગયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ નાઇટ પેટ્રોલીગમાં હોય તે દરમ્યાન એ.એસ.આઇ આર.પી.રાણા,



પો.હેડકોન્સ ધર્મેન્દ્રભાઇ વાઘડીયા તથા પો.કોન્સ સિધ્ધરાજસીંહ જાડેજાને મળેલ બાતમી આધારે મોરબી અયોધ્યાપુરી રોડ મદીના પેલેસના પાર્કીંગમા રેઇડ કરતા વિદેશી દારૂની ગ્રીન લેબલની ૧૨ બોટલ તથા મેકડોવેલ્સ વ્હિસ્કીની ૮૪ બોટલ એમ કુલ ૯૬ નંગ બોટલ કિ.રૂ.૩૬,૯૬૦/- ના મુદ્દામાલ સાથે આરોપી મુસ્તાકભાઇ જુસબભાઇ કટીયા ઉવ.૨૧ રહે.મોરબી મચ્છીપીઠ ઇદગાહ રોડને દબોચી લેવામાં આવ્યો છે જયારે દરોડા દરમિયાન આરોપી સલીમ જુસબભાઇ કટીયા રહે.મોરબી મચ્છીપીઠ ઇદગાહ રોડ નાસી ભાગી જતા તેને ફરાર દર્શાવી વિદેશી દારૂનો જથ્થો કબ્જે લઇ બંને આરોપીઓ વિરુદ્ધ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી.હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબીઃ શેરબજારમાં ઓનલાઈન રોકાણ કરાવી છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલ વધુ એક આરોપીને ઝડપી લેવાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી:શેરબજારમા ઓનલાઈન રોકાણ કરાવી સારો નફો કમાવવાની લોભામણી લાલચ આપી છેતરપીંડી, વિશ્વાસઘાત કરતા ગુન્હામા સંડોવાયેલ વધુ એક આરોપીને મોરબી સાયબર ક્રાઇમ પોલીસ ટીમ દ્વારા રાજસ્થાનથી ઝડપી લેવામાં સફળતા મળી છે.

મળતી માહિતી અનુસાર



મોરબીમાં ગત ૦૪ જાન્યુઆરીના રોજ કિશનભાઇ કાવરને વોટ્સએપ નંબર ઉપર લીંક મોકલી શેરબજારમાં રોકાણ કરવા અંગેની ટીપ્સ મોકલી શેરબજારમાં રોકાણ કરવા માટે લોભામણી લાલચ આપી કિશનભાઈને ઓનલાઈન શેરની લે-વેચ કરવા જણાવતા કિશનભાઈએ કુલ રૂ.૪,૪૭,૧૫૦/- નુ ઓનલાઈન ટ્રાન્જેકશન કરેલ હતું. બાદ પોતે કરેલ રોકાણના પૈસા પાછા આપી દેવા જણાવેલ તો આરોપીઓએ પૈસા પાછા ન આપી કિશનભાઇ સાથે છેતરપીંડી/વિશ્વાસઘાત કરતા તેઓએ મોરબી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ વિરુદ્ધ છેતરપિંડી/વિશ્વાસઘાત ની કલમ હેઠળ ગુનો નોંધી તપાસની તજવીજ શરૂ કરી હતી.

મોરબી સાયબર ક્રાઇમ પોલીસ ટીમ દ્વારા અગાઉ આ ગુનામાં કુલ ૬ આરોપીઓની ધરપકડ કરવામા આવેલ હોય અને આ ગુનામાં સંડોવાયેલ વધુ આરોપીઓને પકડી લેવા તથા ગુનાના મુળ સુધી જઇ ઉંડાણપુર્વક તપાસ કરી જુદી જુદી ટીમો બનાવી અલગ અલગ દિશામાં પ્રયત્નો હાથ ધરતા સાયબર ક્રાઇમ પોલીસે વધુ એક આરોપી સુનય દિનેશચંદ્ર શાહ રહે આનંદપુરી તા.આનંદપુરી જી. બાંસવાડા (રાજસ્થાન) વાળાને ઝડપી લઇ આગળની તપાસ ચલાવી છે.

# મેઘાણીવાડી પ્રા. શાળાના HTAT મુખ્ય શિક્ષક ડો. અમૃત કાંજિયા વયનિવૃત્ત થતા સન્માન કાર્યક્રમ યોજાયો





**મુખ્ય સમાચાર, મોરબી**

આજરોજ તા.૧૨ એપ્રિલ ૨૦૨૪ના મોરબીની મેઘાણીવાડી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક અને પ્રસિદ્ધ હાસ્યલેખક ડો. અમૃત કાંજિયા ચાલુ સત્રાંતે વયનિવૃત્ત થતા હોઈ શાળા પરિવાર દ્વારા વિદાય સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

ડો. અમૃત કાંજિયાનું પ્રદાન પ્રા. શિક્ષણ ઉપરાંત હાસ્યસાહિત્યમાં ૫ નિબંધસંગ્રહો, ૨ અનુવાદિત બુક, ત્ર્ઈઈઊઝ માં ૮ કાર્યક્રમો, પ્રૌઢશિક્ષણ માટે ૬ રેડિયો નાટ્ય સ્ક્રિપ્ટ, ઉપરાંત ૨૭ જેટલા આકાશવાણી કાર્યક્રમો જેવી રસની પ્રવૃત્તિ રહી છે. સંદેશના 'સ્ત્રી' મેગેઝીનમાં ૬ વર્ષ હાસ્ય વ્યંગ આર્ટિકલ લખ્યા છે. છેલ્લા ૨૪ વર્ષથી ઉમિયા પરિવારમાં એમના હાસ્યવ્યંગ લેખો પ્રકાશિત થાય છે.

આ પ્રસંગે અધ્યક્ષસ્થાને ઉપસ્થિત આંબાવાડી સી. આર. સી. કો ઓર્ડિનેટર બાબુલાલ દેલવાડિયા સાહેબે એમની સાથેના સંસ્મરણો કહ્યા. તા. શા. આચાર્યશ્રી ધીરુભાઈ જાકાસણીયા તેમજ રજનીભાઈ વાંસજાળીયાએ નિવૃત્ત થતા મુ.શિ.નું સાલ ઓઢાડીને સન્માન કર્યું. ગોકુળનગર શાળાના આચાર્ય અને ઈઝઅઝ મુ.શિ. સંઘ મોરબીના પ્રમુખ વિનોદભાઈ ગોધણીએ અને વજેપરવાડી શાળાના આચાર્ય કિશોરભાઈ સવસાણીએ મોમેન્ટો- શાલ અર્પી, શુભેચ્છાઓ આપી. રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિનર સભારાવાડી શાળાના આચાર્ય વિજયભાઈ દલસાણીયાએ સન્માનીતની કારકીર્દિ પર પ્રકાશ પાડ્યો.

ગુજરાત રાજ્ય પ્રા.શિક્ષક સંઘના પૂર્વ ઉપપ્રમુખ અને સી. આર.સી. કોર્ડિનેટર શૈલેષભાઈ સાણજા એ કાંજીયા સાહેબના રસરુચિ અને કાર્યક્ષમતાનો પરિચય કરાવ્યો. એમની સાથેના શિક્ષણ અને તાલીમોના દિવસો યાદ કરી શુભેચ્છાઓ વ્યક્ત કરી. લાયન્સનગર (ગો) શાળાના આચાર્ય નુતનબેન વરમોરા અને સ્ટાફના બહેનોએ મળીને શાલ, પુષ્પગુચ્છ, શ્રીફળ અને મોમેન્ટો અર્પણ કરી શુભેચ્છા પાઠવી.

જળભ મેઘાણીના અધ્યક્ષ રામજીભાઈ ડાભી, પૂર્વ કાઉન્સિલર નરેન્દ્રભાઈ પરમાર, તળભ સભ્ય પ્રભુભાઈ ડાભી શિક્ષણવિદ પ્રભુભાઈ વડાવિયા તેમજ અનેક વાલીશ્રીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. શાબ્દિક સ્વાગત, સંચાલન અને આયોજન જયેશભાઈ બાવરવા (મંત્રીશ્રી, શહેર શિ. મંડળી) તેમજ વ્યવસ્થા દિનેશભાઈ કુંડારિયાએ સંભાળી હતી. આભારવિધિ આસિ. નિરુલત્તાબેન બોડાએ કરી હતી.

શાળા સ્ટાફ અને બાળકો દ્વારા ખૂબ જ ભાવપૂર્વક અને લાગણીસભર વિદાયસન્માન અર્પણ કરાયું.

# મોરબીના અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા મતદાતા જાગરણ પર્વનો શુભારંભ

## મોરબી મહાસંઘ દ્વારા જિલ્લા ચૂંટણી અધિકારી મળી જાગરણ પર્વ બાબતે જાણકારી આપી

**મુખ્ય સમાચાર, મોરબી**

લોકશાહી એટલે લોકોનું,લોકો માટે,લોકો દ્વારા ચાલતું શાસન લોકશાહીમાં લોકોને મતદારોને ખુબજ મહત્વ અપાયું છે,દર પાંચ વર્ષે આવતી ચૂંટણીમાં મતદારો પોતાનો પવિત્ર મત આપીને યોગ્ય ઉમેદવારને ચૂંટીને સરકારની રચના માં સહભાગી બને છે,ત્યારે આગામી લોકસભામાંની સામાન્ય ચૂંટણીમાં મતદાન કરવામાં આળસ ન કરે લોકો બુથ પર જઈને વધુમાં વધુ મતદાન કરે ૧૦૦% મતદાન કરે એ માટે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની મોરબી જિલ્લા ટીમ દ્વારા એક બેઠક કરવામાં આવી મોરબી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એકપણ મતદાતા મતદાનથી વંચિત ન રહે,બુજુર્ગ મતદારો મતદાનથી વંચિત ન રહે એ માટે બીએલઓ મારફત વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે,એવી જ રીતે





શૈક્ષિક મહાસંઘે મતદાતા જાગૃતિ માટે તૈયાર કરવામાં આવેલી પત્રિકા ભારત+ રાષ્ટ્ર+ વિધાતા=મતદાતા, હું સશક્ત, સતર્ક,જાગૃત અને સુરક્ષિત ભારતના નિર્માણમાં અવશ્ય મતદાન કરીશ,મારો વોટ મારો અવાજ,રાષ્ટ્રહિતમાં ૧૦૦% મતદાન જેવા સૂત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે.ઉપરાંત મતદાન કરવા જતી વખતે સાથે રાખવાના દસ્તાવેજો જેવી તમામ બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, મતદાતા જાગૃતિ માટેની ૪૦૦૦ જેટલી પત્રિકાઓ અને સ્ટીકરનું વિતરણ મતદારોને હાથોહાથ અર્પણ કરવા માટે મિટિંગમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત તમામ તાલુકાના કાર્યકર્તાઓને પત્રિકા અને સ્ટીકરનું વિતરણ કરવામાં આવ્યું. અને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કિરણ ઝવેરીને મતદાતા જાગૃતિ પત્રિકા અને સ્ટીકર અર્પણ કરી જાગરણ પર્વ અંગે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા જાણકારી અપાઈ.

# બાબા સાહેબ ડો. ભીમરાવ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર બૌદ્ધ સમાજ દ્વારા તા.૧૪ના જામનગર બૌદ્ધ સમાજ દ્વારા ભારત રત્ન બાબા સાહેબ ડો. આંબેડકરની ૧૩૩ મી જન્મ જયંતી મહોત્સવ નિમિત્તે તા. ૧૪ ના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૮ થી ૯ વંદના, ૯ થી ૧૨ પુષ્પહાર, બપોરે ૩-૩૦ વાગ્યે ભીમ શોભાયાત્રા, અને સાંજે ૭ વાગ્યે લાલ બંગલા



સર્કલ, બંગલા સર્કલ, ડો. બાબા સાહેબની પ્રતિમા પાસે વંદનાસભા રાખવામાં આવી છે.જુના રેલવે સ્ટેશન પાસે આવેલ મહાત્મા જ્યોતિરાવ ફુલે ચોકથી બપોરે ૩-૩૦ વાગ્યે ભીમ શોભાયાત્રા પ્રસ્થાન થશે. જે ત્રણબત્તી ચોક, બેડી ગેઈટ, સહિતના નગરના મુખ્ય માર્ગો પર ફરીને લાલબંગલા પાસે પહોંચશે અને વંદનાસભામાં પરિવર્તિત થશે. તેમ પ્રમુખ મિલિન્દકુમાર મકવાણા દ્વારા જણાવાયું છે.

# જસદણનું જાગતું પીરાણું જયતા બાપુની સમાધિના દર્શન કરતા પરષોત્તમ રૂપાલા

## રાજવી સત્યજીતકુમાર ખાચર તથા કાઠી સમાજે જંગી લીડથી જીતાડવા કોલ આપ્યો

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

જસદણ નુ જાગતા પીરાણું એટેલ જયતા બાપુ ની સમાધી પરબ અને પાળીયાદ ની સાથે ની આ જગ્યામાં રાજકોટ લોક સભા ના ઉમેદવાર પરસોત્તમભાઈ રૂપાલા જયતા બાપુ ના દર્શન કરેલ હતા તેમની સાથે કાઠી ક્ષિત્રય સમાજ ના આગેવાન જસદણ ના રાજવી સત્યજિત કુમાર ખાચર સાહેબ તથા જસદણ કાઠી ક્ષત્રિય સમાજના આગેવાનોએ પુરુષોત્તમભાઈ રૂપાલાને ટેકો જાહેર કર્યો અને જંગી લીડથી જીતાડવાનો કોલ આપ્યો હતો આ સમયે તાલુકા પંચાયતના સદસ્ય શાંતુંભાઇ ધાધલ ચેમ્બર પ્રમુખ અશોકભાઇ ધાધલ પૂર્વ સદસ્ય ગભરૂ ભાઈ ધાધલ જગાભાઈ પટગીર મુનાભાઈ વીંછીયા ક્ષત્રિય યુવા આગેવાન હરદીપભાઈ પટગીર અખિલ કાઠી સમાજ પ્રમુખશ્રી ગુજરાત રાજ્ય કાર્તિકભાઈ હુદડ પૂર્વ ભાજપ મહામંત્રી રાજુભાઈ ધાધલ









ગટુભાઈ ગીડા જયરાજભાઇ પટગીર બોટાદ સહિત મોટી સંખ્યામાં કાઠી સમાજના આગેવાનો સાથે રહેલ તથા રાજકોટના સાંસદ મોહનભાઈ કુંડારિયા રાજ્ય સભાના સાંસદ રામભાઈ મોકરીયા પૂર્વ ધારાસભ્ય ભરતભાઇ બોધરા જીલ્લા મહામંત્રી હરેશભાઇ હેરભા એ,બી,પી એસ એસ ના પ્રદેશ ઉપાધ્યક્ષ નરેશભાઈ ચોહલીયા જસદણ ભાજપના સહ પ્રભારી ભીખાભાઈ રોકડ પુર્વનગરપતિ જે,પી રાઠોડ સહિત કાઠી ક્ષત્રિય સમાજના આગેવાનો ઉપરાંત વિવિધ સમાજ ના આગેવનો હાજર રહેલા હતા અને જયતા બાપુના દર્શનનો લાભ લીધો હતો

# મતદાન મથકે જરૂર પધારો : રાજકોટ પૂર્વમાં ઓછું મતદાન ધરાવતા વિસ્તારોમાં ઘરે-ઘરે જઈને મતદાન કરવા પાઠવાતુ આમંત્રણ

## મતદાનમાં મહિલા મતદારોની સહભાગીતા વધારવા સહપરિવાર મતદાન કરવા કરાયો અનુરોધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી દિવસોમાં દેશભરમાં લોકશાહીના મહાપર્વની ઉજવણી કરવામાં આવનાર છે. ત્યારે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષીના નેતૃત્વમાં અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન. કે. મુછારના દિશા-નિર્દેશનમાં મતદાનમાં મહિલા મતદારોની સહભાગીતા વધારવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ગત વિધાનસભાની ચૂંટણીમાં પુરૂષો અને મહિલાઓના મતદાનની ટકાવારીનો તફાવત ૧૦ ટકા કરતાં વધુ હોય તેવા અને કુલ મતદાન ૫૦ ટકા કરતાં ઓછું હોય તેવા વિસ્તારોમાં સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શનમાં વિશેષ મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યાં છે.







જે અન્વયે ૬૮ - રાજકોટ પૂર્વ વિધાનસભા મતદાર વિભાગમાં આસિસ્ટન્ટ રીટર્નિંગ ઓફિસર અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી રાજેશ્રી વંગવાણીના વડપણ હેઠળ મામલતદારશ્રીની સૂચના મુજબ તા. ૧૧ના રોજ સ્ત્રી અને પુરૂષ જાતિ આધારિત ૧૦% કરતા વધુ તફાવત ધરાવતા ભાગ નંબર ૨૫૭માં ૮૦ ફૂટ રોડ પર મણીનગર, આશાપુરા અને તેની આસપાસના વિસ્તારોમાં ઝોનલ ઓફીસરશ્રી, આસિસ્ટન્ટ ઝોનલ ઓફિસરશ્રી તથાબુથ લેવલ ઓફિસરશ્રી દ્વારા મતદાન જાગૃતિ અર્થે આમંત્રણ પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ તકે સ્થાનિકોને ચૂંટણી પ્રક્રિયા, મતદાન મથક, ચૂંટણીલક્ષી સેવાઓ આપતી એપ્લીકેશન્સ સહિતની બાબતો વિશે સમજૂતી આપવામાં આવી હતી. તેમજ ચૂંટણીમાં મતદાન કરવા તથા કરાવવા જણાવ્યું હતું. ખાસ કરીને મહિલાઓ મતદાનમથકે જરૂર પધારે, તે માટે સહપરિવાર મતદાન કરવાનો અનુરોધ કરવામાં આવ્યો હતો.

# ૭૨- વિધાનસભા જસદણ ખાતે મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરાયું

## ઈદગાહ મસ્જિદ ખાતે રમજાનના ઈદ નિમિતે વહીવટી તંત્રે સૌ મુસ્લિમ ભાઈઓને અચૂક મતદાનના શપથ ગ્રહણ કરાવ્યા






**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત ભારતભરમાં વિવિધ જગ્યાઓ પર મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. જે અન્વયે રાજકોટના ૭૨ વિધાનસભા મતવિસ્તાર જસદણની ઈદગાહ મસ્જિદ ખાતે મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જસદણ વહીવટી તંત્ર દ્વારા રમજાનના તહેવારમાં સૌ મુસ્લિમ ભાઈઓએ દેશના મહાપર્વમાં મતદાન કરીને લોકશાહીને ઈદી આપવા અપીલ કરાઇ હતી. વહીવટી તંત્રએ ઉપસ્થિત સર્વે ભાઈઓ-બહેનોને મતદાન કરવાના શપથ ગ્રહણ કરાવ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જેતપુર ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજ દ્વારા પરસોત્તમ રૂપાલાની ટીકીટ રદ કરવા મામલતદારને આવેદનપત્ર પાઠવાયું

## ખાંટ રાજપૂત સમાજ દ્વારા રૂપાલા વિરુદ્ધ જેતપુર સહિત જૂનાગઢ, પોરબંદર, સુરત, કેશોદ,વિસાવદર, મેદરડા સહિતના શહેરોમાં આવેદનપત્રો આપી વિરોધ નોંધાવ્યો...





**મુખ્ય સમાચાર, હરેશ ભાલિયા**

**જેતપુરઃ** રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા દ્વારા સમસ્ત ક્ષત્રિય સમાજ વિશે અભદ્ર ટિપ્પણી કરેલ જેમને લઈને સમસ્ત ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજ દ્વારા પણ રૂપાલાના ટિપ્પણી સખત શબ્દોમાં વખોડી રોષની લાગણી વ્યક્ત કરી હતી, પરસોત્તમ રૂપાલા વિરુદ્ધ ક્ષત્રિયો દ્વારા ઠેરઠેર આંદોલન તેમજ વિરોધ કરવામાં આવી રહ્યો છે ત્યારે ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજ પણ સમસ્ત ક્ષત્રિય સમાજ સાથે ખભે ખભો મિલાવીને રૂપાલાના વિરુદ્ધ આજ રોજ જેતપુર મામલતદાર કચેરી ખાતે પરસોત્તમ રૂપાલાની ટીકીટ રદ કરવામાં આવે તેવી માંગ સાથે મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું, પુરસોત્તમ રૂપાલાના વિરુદ્ધમાં ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજ દ્વારા જેતપુર, જુનાગઢ, કેશોદ, વિસાવદર, મેદરડા, સુરત, પોરબંદર સહિતના અલગ અલગ શહેરોમાં એક સાથે પ્રાંત અધિકારીઓને આવેદનપત્રો આપવામાં આવ્યા હતા,અને ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજ દ્વારા માંગ કરવામાં આવી જો પરસોત્તમ રૂપાલા ની ટીકીટ રદ નહિ થાય તો ભાજપ વિરુદ્ધ મતદાન કરવાની ચીમકી ઉચ્ચારી હતી તેમજ ખાંટ રાજપૂત સમાજના યુવાનોએ રૂપાલાની ટીકીટ રદ કરો ના નારા લગાવ્યા હતા.

ત્રણ વખત આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિજેતાનું સન્માન પ્રાપ્ત કરનાર ધોળકિયા સ્કૂલની કુ. હેતલ વૈષ્ણવને મળ્યું લઘુગ્રહનું નામ વૈષ્ણવી ગ્રહ'

# ધોળકિયા સ્કૂલનો સંકલ્પ... અન્ય લઘુગ્રહોને પણ મળે ધોળકિયા સ્કૂલના બાળવૈજ્ઞાનિકોના નામ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બાળવૈજ્ઞાનિકો પ્રદાન કરતી ધોળકિયા સ્કૂલ્સ સમગ્ર ભારતમાં ટોચ પર કોઈપણ દેશનો વિકાસ તેના શિક્ષણ અને વૈજ્ઞાનિક સંશોધનોને આભારી હોય છે. આ વાતને ધ્યાનમાં લઈ ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાયન્સ એન્ડ ટેકનોલોજીને સતત પ્રાધાન્ય આપે છે. વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે વિશ્વ લેવલે ભારતનું નામ ગુંજતું થાય તે માટે શાળા કક્ષાએથી જ તેની પ્રવૃત્તિઓને વિકસાવવામાં આવે તો વધુ સફળતા મળી શકે. આ અભિગમને સ્વિકારી વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓને રાજકોટની ધોળકિયા સ્કૂલ વેગ આપી રહી છે.

જેમ પુત્રના લક્ષણ પારણામાં દેખાય એમ વૈજ્ઞાનિકોના લક્ષણ વર્ગખંડોમાં ઘડાય એ વાતને ચરિતાર્થ કરવા માટે સદાય તત્પર ધોળકિયા સ્કૂલ દ્વારા નાનપણથી જ બાળકોમાં વૈજ્ઞાનિક માનસ કેળવાય, વૈજ્ઞાનિક સંશોધનવૃત્તિ કેળવાય, એનાલીટીકલ વિજ્ઞાનક્ષેત્રે વિશ્વફલક પર ગુંજી ઉઠયું ભારત અને ધોળકિયા સ્કૂલનું નામ...

એટીટયુડ કેળવાય તે માટે વિજ્ઞાનમેળા, વૈજ્ઞાનિક ડીબેટ, વકતૃત્વ સ્પર્ધા, વૈજ્ઞાનિક રમકડાં, વૈજ્ઞાનિક પ્રયોગો જેવા અનેક વિજ્ઞાન આધારિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સાથે વિજ્ઞાનક્ષેત્રે સંશોધન કરવા વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન અને પ્લેટફોર્મ પૂરું પાડતી રહે છે.

આંતરાષ્ટ્રીય કક્ષાએ વિજ્ઞાનમેળામાં ૨૪ મી વખત ભાગ લઈ એવોર્ડ વિજેતા બનતી ધોળકિયા સ્કૂલ

આ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. તેમજ વિજ્ઞાનમેળામાં દરેક બાળક નવીનત્તમ વિચારો સાથે પોતાના પ્રોજેક્ટ અથવા પ્રોજેક્ટના વિચારો રજૂ કરે છે. શાળાના આ પ્રોત્સાહન અને માર્ગદર્શનને કારણે શાળાના બાળકોના પ્રોજેક્ટ મશઃ શાળાકક્ષા, શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ પરિણામ ઈન્ટર સ્કૂલ કક્ષા, શહેર કક્ષા, જિલ્લા કક્ષા, રાજ્ય કક્ષા અને રાષ્ટ્ર કક્ષા સુધી પસંદગી પામે છે.

ચાલુ વર્ષે ધોળકિયા સ્કૂલના વિજ્ઞાનમેળામાં ગુજરાતી માધ્યમમાં ધો. ૯ માં અભ્યાસ કરતા શ્રીમતિ રેખાબેન અને શૈલેષભાઈ સોજીત્રાની સુપુત્રી કુ. ધ્વનિ અને શ્રીમતિ નીતાબેન અને વિપુલભાઈ ખૂંટની સુપુત્રી કુ. સાક્ષીએ ઝૂલતા પુલની સેફ્ટી માટે સેફ્ટી મોનીટરિંગ સિસ્ટમ નો પ્રોજેક્ટ રજૂ કર્યો. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૨ ગોઝારા દિવસે ૧૨૫ વર્ષથી પણ વધુ જૂનો મોરબીનો ઝૂલતો પુલ અકસ્માતે તુટી પડયો અને કેટકેટલા લોકોએ પોતાના જીવ ગુમાવ્યા. આ દુઃખદ ઘટનાથી દ્રવિત થવાની સાથે જ આ સમસ્યાના ઉકેલ માટેપ્રેરિત થયેલા ધોળકિયા સ્કૂલના બાળવૈજ્ઞાનિકો સોજીત્રા ધ્વનિ અને ખૂંટ સાક્ષીએ આ પુલ તુટી પડવાના કારણો જાણી તેની સલામતિ માટેના સાધનો ગોઠવ્યા જેથી આવો ઝૂલતો પુલ તુટી ના પડે. આ બાળ વૈજ્ઞાનિકોએ ઝૂલતા પુલનું પ્રોટોટાઈપ મોડલ તૈયાર કરી પ્રાયોગિક રીતે તેની સાથે વેઈટ બેલેન્સ તેમજ ડીજીટલ કાઉન્ટર સર્કિટ ગોઠવી.

સતત ૨૪ મી વખત આંતરરષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ મેળવવાની ધોળકિયા શાળાની પરંપરા જાળવવા સાથે વિશ્વસ્તરે ગોલ્ડ મેડલ જીતી ધોળકિયા સ્કૂલને વિજ્ઞાન સંશોધન ક્ષેત્રે સર્વોચ્ચ સ્થાને મુકવા બદલ આદરણીય શ્રી કૃષ્ણકાંતભાઈ ધોળકિયા અને માનનીય શ્રી જીતુભાઈ ધોળકિયા સાથે ૨૦૦ થી વધારે ધોળકિયા શાળા પરિવારના સભ્યો તથા બંને દિકરીઓના પરિવારના સભ્યોએ વિજયનાદ, પુષ્પવર્ષા, પુષ્પમાળા અને દેશભક્તિના ગીતો દ્વારા બન્ને દીકરીઓનું ભવ્ય સ્વાગત કર્યું હતું. જેથી સમગ્ર રાજકોટ રેલ્વે સ્ટેશન એક વિજયી સ્થળમાં ફેરવાઈ ગયું હતું અને સમગ્ર ધોળકિયા શાળા પરિવારમાં હર્ષોલ્લાસ છવાઈ ગયો હતો.

પ્રાદેશિક લોકવિજ્ઞાન કેન્દ્ર, રાજકોટના કો-ઓડિનેટર શ્રી મિનેષભાઈ મેઘાણી એ પુષ્પગુચ્છ અર્પણ કરી સાક્ષી અને ધ્વનિનું અભિવાદન કરી રાજકોટના વિજ્ઞાન જગતને અપ્રતિમ સિદ્ધિ અપાવવા બદલ બન્નેને ધન્યવાદ આપ્યા હતા.

આમ ધોળકિયા સ્કૂલના બાળવૈજ્ઞાનિકો માનવ સમાજને ઉપયોગી બની રહે તેવા નીત-નવા સંશોધનો તૈયાર કરી સમાજને રાષ્ટ્રને અર્પણ કરે છે.

# ઈન્ક્રેડીબલ ગ્રુપના ઈન્ક્રેડિબલ એરોસીટી પ્રાઈમ વિલાનું બોલીવુડ અભિનેતા સુનીલ શેટ્ટીના હસ્તે લોન્ચિંગ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રિયલ એસ્ટેટ ક્ષેત્ર હરણફાળ વધી રહ્યું છે મસ્ત મોટા ભવ્ય અને વિશાળ પ્રોજેક્ટ રાજકોટની પેરી ફરી માં નિર્માણ દિન થઈ રહ્યા છે ત્યારે રાજકોટના આનબાન સમા ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ એરપોર્ટ આસપાસ વિકસિત થઈ રહેલા ઘણા પ્રોજેક્ટમાં ભાવમાં ખૂબ ઉછાળો જોવા મળી રહ્યો છે અને તેજીના અણસારો દેખાઈ રહ્યા છે ત્યારે ઇન્ક્રેડીબલ ગ્રુપ કે જે હિરાસર એરપોર્ટ નજીક ત્રણથી વધુ રેસીડેન્સિયલ અને કોમર્શિયલ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પરિપૂર્ણ કરી ચૂક્યો છે અને હવે આગામી સમયમાં ઈન્ક્રેડિબલ એરોસીટી પ્રાઈમ વિલા જેવો પ્રીમિયમ પ્રોજેક્ટ લોન્ચિંગ કરી રહ્યા છે અને આ પ્રોજેક્ટનું લોન્ચિંગ બોલીવુડના પ્રખ્યાત અભિનેતા સુનીલ શેટ્ટીના હસ્તે કરવામાં આવી રહ્યું છે આ પ્રોજેક્ટની ખાસિયતોની વાત કરીએ તો બાઉન્ડ્રી પેક સોસાયટી સાથે સાથે ક્લબ હાઉસ ,એન્ટ્રી ગેટ ,સિક્યુરિટી કેબિન રિવરફ્રન્ટ રસ્તા સાથેની તમામ સુવિધાઓથી ઇન્ક્રેડિબલ એરોસિટી પ્રાઈમ વિલા સજ્જ છે.ઇન્ક્રેડિબલ એરોસિટી પ્રાઈમ વિલાના લોન્ચિંગ પહેલા ગ્રુપ દ્વારા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી પત્રકાર પરિષદમાં અભિનેતા સુનીલ શેટ્ટી સાથે ઈનક્રેડિબલ ગ્રુપ ઓફ કંપની ના ફાઉન્ડર અતુલભાઇ વાઘેલા તથા કો ફાઉન્ડર યોગેશભાઈ સોલંકી સાથે શ્રી રાજેશભાઈ ભારદ્વાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પત્રકાર પરિષદને સંબોધતા અભિનેતા સુનીલ શેટ્ટી એ જણાવ્યું કે, ઈવેન્ટમાં ચીફ ગેસ તરીકે આવવાનો મોકો મળતા ખુશી થઈ છે. એરપોર્ટ ની પાસે પ્રોપર્ટી ડેવલોપ થઈ રહી છે તે ખૂબ સારી બાબત છે.ઘણી ઉજળી તકો આ પ્રોપર્ટી સાથે મળી શકશે.

ગુજરાત અને સૌરાષ્ટ્ર રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ઉતરોતર પ્રગતિ કરી રહ્યા છે.ઈનક્રેડીબલ એરોસિટી પ્રેમ વિલા ની મેં ડિઝાઇન જોઈ છે ડિઝાઇન જોતા મને ખૂબ પસંદ પડી રહી છે. મુંબઈ કરતાં રાજકોટમાં હવે રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ઘણી ઉજળી તકો છે. ઈન્ટરનેશનલ એક્સપોર્ટ નિર્માણ થઈ ગયું છે એક વખત કનેક્ટિવિટી થઈ જશે તો આવી પ્રોપર્ટી માટે આ ઉજળી તક ગણી શકાય છે.પ્રોપર્ટીમાં ઇન્વેસ્ટ કરવાવાળી વ્યક્તિઓ આજે ખૂબ મોટા પ્રમાણમાં ગુજરાતમાં ઇન્વેસ્ટ કરી રહી છે.ઈનક્રેડીબલ ગ્રુપના અતુલભાઇ વાઘેલાએ પત્રકાર પરિષદ સંબોધી જણાવ્યું કે ,હિરાસર એરપોર્ટના નિર્માણ પહેલેથી જ અમે તેની આસપાસ જમીન ખરીદવાનું કામ શરૂ કરી દીધું હતું.

એરો કોમર્શિયલ પ્રોજેક્ટનું પણ અમે નિર્માણ કર્યું છે. ઇન્વેસ્ટરોને પણ બેનિફિટ મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ઇન્ટરનેશનલ એરપોર્ટ હોવાથી ફોરેન નો વર્ગ વધુ આવશે ત્યારે તેને ધ્યાનમાં રાખી પ્રોપર્ટી ને ડેવલોપ કરવામાં આવી રહી છે. ફોરેન ટાઇપની થીમ રાખવામાં આવી છે.માર્ચ ૨૦૨૬ સુધીમાં પઝેસન સાથે રેડી કરી આપશું. અમારી પ્રોપર્ટી એરપોર્ટ થી પાંચ મિનિટના અંતરે આવેલી છે જેનો એરપોર્ટથી ટુરિસ્ટ કે ગ્રાહક સરળતાથી પ્રોજેક્ટ સુધી પહોંચી શકશે.બુકિંગની પ્રોસેસ શરૂ કરવામાં આવી રહી છે.

સૌરાષ્ટ્ર તથા રોકાણકારોને આ પ્રોજેક્ટમાં રોકાણ માટે ઇન્ક્રેડીબલ ગ્રુપ આમંત્રિત કરી રહ્યું છે.

# એરેના ઈનિમેશન દ્વારા ડિજિટલ આર્ટ પ્રદર્શનનો પ્રારંભઃ એબ્સ્ટ્રેક્ટ પીકસેલના માધ્યમથી વિદ્યાર્થીઓની અદ્‌ભૂત ટેલેન્ટ પ્રસ્તુત

## એરેનાના સમિર વૈષ્ણવ, વિધિ કોટક, રાહુલ ચૌહાણ તેમજ મયંક શર્મા સહિતની ટીમનું સુંદર આયોજન



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

એરેના એનિમેશન ના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ (એન્સ્ટ્રેક્ટ પકસેલ ગેલેરી ) ડિજિટલ આર્ટ પ્રદર્શન નો સર્વ પ્રથમ શો ની જાહેરાત કરવામા આવી, એરેના એનિમેશન ભારતની શ્રેષ્ઠ અને સૌથી અનુભવી એનિમેશન તાલીમ અને શિક્ષણ સંસ્થાઓમાંની એક છે સાથો-સાથ એનિમેશન, ટ્રાન્ઝ, ગેમિંગ, વેબ અને ગ્રાફિક્સ, બ્રોડકાસ્ટ, ડિજિટલ ડિઝાઇન અને મલ્ટીમીડિયામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. એરેનાના વિદ્યાર્થીઓને મોટા ભારતીય અને આંતરરાષ્ટ્રીય સ્ટુડિયોમાં સારી નોકરી ની તક મળે છે, એરેના એનિમેશન, કાલાવડ રોડ શાખા આજ થી એટલા કે ૧૩ અને ૧૪ અઢર્ઈક સમય સવારે ૧૦ થી સાંજ ના ૭ સુધી એબ્સ્ટેટ પિકસેલ ગેલેરી પ્રદર્શન કરવામાં આવ્યુ છે, આ એન્સ્ટ્રેક્ટ પિક્સેલ ગેલેરી પ્રદર્શન માં (૧) ડિજિટલ વિડિઓ ઇલ્યુઝન, (૨) વી.એફ.એક્સ. સીન (૩) પ્રોડકટ એડવર્ટાઇઝિંગ (૪) મૂવી પોસ્ટર ડિઝાઇન (૫) મેગેઝીન કવર ડિઝાઇન (૬) કોર્પોરેટ બ્રાન્ડિંગ

ફેક્લ્ટીઝ ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ એ ડિજિટલ આર્ટ વર્કસ ની ઉત્તમોત્તમ ગુણવત્તા વિકસાવીને તૈયારી કરી છે. આ કાર્યમાં વિદ્યાર્થીઓએ મોડર્ન ડિઝાઇન ઈન્ડસ્ટ્રીસ ને લાગતા - વળગતાં સોફ્ટવેર્સ સાથે-સાથે પોતાની રચનાત્મક અને સર્જનાત્મકતા નો પણ વિનિયોગ કરેલ છે.

અમે આશા રાખીએ છીએ કે આ પ્રકાર ના પ્રદર્શન કાર્યક્રમોથી વિદ્યાર્થીઓ ની આવડત એમના ભાવિ રોજગાર આપનાર વ્યક્તિઓ સુધી પહોંચશે અને શહેર ની આસપાસ રહેતા અનેક રચનાત્મકતા સાથે કાર્ય કરતા અન્ય બીજા લોકો માટે પણ પ્રેરણારૂપ બનશે, પત્રકાર પરિષદમાં એરેના એનિમેશન કાલાવડ રોડ સેન્ટર ના સેન્ટર ડિરેકટર ખ્યાતીબા જાડેજા, સેન્ટર હેડ વિધી કોટક, ફેકલ્ટી-ક્રિપાલ પટેલ, ફેકલ્ટી-સમીર વેશ્નવ સહીત ના લોકો એ જણાવ્યુ હતુ કે એરેના ( ARENA) એનિમેશન કાલાવડ રોડ સેન્ટર માં અત્યારે ૨૦૦ વિદ્યાર્થીઓ પોતાની તાલીમ લઈ રહ્યા છે, ઈવેન્ટ નો મુખ્ય હેતુ એ છે કે વિદ્યાર્થીના ડિજીટલ આર્ટ નું ટેલેન્ટ આ ઈવેન્ટ માં જોવા મળશે, સાથે વિદ્યાર્થીઓ વાલીઓ, આ ફિલ્ડ ને નોકરી આપતી અલગ અલગ કંપની, શૈક્ષણીક સંસ્થાઓ સાથે જોડાયેલા અનેક ખ્યાતનામ લોકો પણ આ ઈવેન્ટ માં જોડાયા હતા, આ ઇન્સ્ટિટ્યુટ ની ખાસીયત ની વાત કરવામા આવે તો કોરોનાકાળમાં એરેના એનિમેશન કાલાવડ રોડ સેન્ટરે ૫૦ થી પણ વધુ વિદ્યાર્થીઓ ને નોકરી અપાવી છે,

કોઈપણ પરિસ્થિતિ માં એરેના એનિમેશન સંસ્થા વિદ્યાર્થીઓ ની સાથે ખભે ખભ્ભો મીલાવી ચાલી રહ્યું છે, ત્યારે વધુ માં વધુ લોકો આ એક્ઝીબીશન માં આવી વિદ્યાર્થીઓ નો ઉત્સાહ વધારે અને એરેના એનિમેશન કાલાવડ રોડ સેન્ટરની અવશ્ય મુલાકાત લે.

# સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ગંદકી કરતાં આસામી સામે દંડની કાર્યવાહી હાથ ધરાઈ

## રૂા.૯૩,૫૫૦નો વહીવટી ચાર્જ ત્રણેય ઝોનના વિસ્તારમાંથી વસુલ કરાયો






**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ - ૨૦૨૧ અન્વયે તારિખ ૧૦/૦૪/૨૦૨૪ થી ૧૨/૦૪/૨૦૨૪ ૩ દિવસ દરમિયાન ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં આજ તા. ૧૦/૦૪/૨૦૨૪ થી ૧૨/૦૪/૨૦૨૪ ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૩૬૮ આસામીઓ પાસેથી ૨૩.૯ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૯૩,૫૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૪૬ આસામીઓ પાસેથી ૯.૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૫૨૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૨૯ આસામીઓ પાસેથી ૯.૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૪૬૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૯૩આસામીઓ પાસેથી ૪.૯ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૩૭૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઇજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઇન્સ્પેક્ટર/ સેનેટરી સબ ઇન્સ્પેક્ટર દ્વારા કરવામાં આવેલ.

# કલેક્ટર કચેરી ખાતે ચૂંટણી એક્સપેન્ડીચર ઓબ્ઝર્વર માધવ ચંદ્ર મિશ્રા તેમજ એ.ઈ.ઓ.ની સમીક્ષા બેઠક યોજાઈ







**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ અન્વયે ઉમેદવારો દ્વારા કરવામાં આવેલા ખર્ચ પર દેખરેખ રાખવા માટે નિયુક્ત કરવામાં આવેલા ખર્ચ નિરીક્ષકશ્રી તેમજ આસિસ્ટન્ટ એક્સપેન્ડીચર ઓબ્ઝર્વર્સની બેઠક કલેકટર કચેરી ખાતે યોજાઇ હતી.

આ મિટિંગના પ્રારંભે અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એન. કે. મુછારે ઉપસ્થિત સૌને આવકાર્યા હતા. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશીએ ચુંટણી પંચ દ્વારા નિયુક્ત કરાયેલ એક્સપેન્ડીચર ઓબ્ઝર્વરશ્રી માધબચંદ્ર મિશ્રા નું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું અને ૧૦-રાજકોટ સંસદીય મતવિસ્તારની ભૌગોલિક માહિતી આપીને રાજકોટ લોકસભા બેઠકમાં સમાવિષ્ટ મોરબી અને પોરબંદર જિલ્લાના વિધાનસભા મતવિસ્તારો તથા તેમાં આવેલા મતદાન કેન્દ્રોની સંખ્યા અને મતદારોની સંખ્યા, જાતિગત દર, થર્ડ જેન્ડર મતદારો વગેરે વિશે માહિતી આપી હતી.

એકસપેન્ડીચર ઓબ્ઝર્વર મિશ્રાએ ચૂંટણી ફરજો માટે નિયુક્ત કરાયેલા વિવિધ સમિતિઓના નોડલ ઓફિસરો તેમજ ચુંટણી ફરજ સોંપાયેલ સ્ટાફ, તેમને અપાયેલ તાલીમો, ડી.પી.એ. એક્ટ હેઠળ દૂર કરાયેલ પ્રચાર સામગ્રી, સિ- વિજીલ તેમજ હેલ્પલાઇન પર આવેલ આચારસંહિતા ભંગની ફરિયાદો અને તેના નિવારણ અર્થે કરાયેલી કામગીરી, સુવિધા એપ અંતર્ગત ઉમેદવાર તેમજ પક્ષને વિવિધ મંજૂરીઓ આપવાની કામગીરી, કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેની તૈયારી, સ્ટેટિક સર્વેલન્સ ટીમની સંખ્યા અને સ્થળો તથા જપ્ત થયેલ હથિયારો, દારૂ, નાર્કોટિક્સ સહિતના ગેરકાયદેસર સામાનની માહિતી, આવનાર સે.એ.પી.એફ. કંપનીઓ માટે તૈયાર કરાયેલ વિવિધ વ્યવસ્થા વગેરેની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. અને તમામ વિધાનસભા મતવિસ્તારોમાં થઈ રહેલ ખર્ચ નિરીક્ષણની કામગીરીની સબંધિત મદદનીશ ખર્ચ નિરીક્ષકો પાસેથી માહિતી મેળવી જરૂરી સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં ખર્ચના નોડલ ઓફિસર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી નવનાથ ગવ્હાણે, ડેપ્યુટી મ્યુનિ. કમિશનર સ્વપિનલ ખરે, નિવાસી અધિક કલેકટરશ્રી ચેતન ગાંધી, અધિક કલેક્ટર શ્રી ઇલાબેન ચૌહાણ, ડી વાય.એસ પી. શ્રી એસ. એસ. રઘુવંશી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર કે. વી. મોરી, સંબંધિત અન્ય નોડલ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક બાદ એકસપેન્ડીચર ઓબ્ઝર્વરશ્રી તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને અન્ય અધિકારીશ્રીઓએ સિ-વીજીલ અને ૧૯૫૦ હેલ્પલાઇન ડેસ્ક તેમજ એમ.સી.એમ.સી. કંટ્રોલરૂમની મુલાકાત લીધી હતી.

ઉલ્લેખનીય છે કે, લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪માં સંભવિત ઉમેદવારો કે રાજકીય પક્ષો તરફથી ચૂંટણી સભા,રેલી વગેરેના આયોજન અનુસંધાને દરેક ઉમેદવાર ચૂંટણી આચાર સંહિતાનું પાલન કરે અને નિયત મર્યાદામાં ખર્ચ કરે તે સુનિશ્ચિત કરવા અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ન્યાયી વાતાવરણમાં યોજાય થાય તે હેતુથી ખર્ચ પર ચુંટણી તંત્ર દ્વારા દેખરેખ રાખવામાં આવે છે.

# ભુજ-ભચાઉ હાઈ-વે પર તુફાન જીપ ડીવાઈડર સાથે ભટકાતા ચાર વ્યક્તિઓના કરૂણ મોત

## સોની પરિવાર જીપમાં સોમનાથથી દર્શન કરી પરત ફરતો હતો તે વેળાએ કુતરાને બચાવવા જતા ગોઝારો અકસ્માત સર્જાયોઃ અન્ય સાત ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડાયા



**મુખ્ય સમાચાર, સોમનાથ**

ભુજ-ભચાઉ હાઇવે પર ગઈકાલ વહેલી સવારે અકસ્માતની ઘટના સામે આવી હતી.જેમાં તુફાન ડીવાઈડરમાં અથડાતાં બે ભાઈઓ સહિત ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતા. જ્યારે આઠ લોકો ઘાયલ થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન એકનું મોત થતાં મૃત્યુઆંક ચાર પર પહોંચ્યો છે. અને હજુ પણ ચારની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી માહિતી મુજબ ભુજ-ભચાઉ ધોરી માર્ગ પર ગઇકાલ વહેલી સવારે દીવ-સોમનાથથી દર્શન કરી પરત માધાપર જતાં સોની પરિવારની તુફાન જીપકારને પધ્ધર નજીક ગોઝારો અકસ્માત નડયો હતો. જેમાં માર્ગ પર કૂતરું આડું ઊતરતા તેને બચાવવા જતાં જીપકાર ડાબી તરફના પુલિયાની દીવાલ સાથે ધડાકાભેર ટકરાઈ હતી. તુફાન પુલની દીવાલ સાથે અથડાતા કારમાં સવાર માધાપરના સોની પરિવારના દિનેશભાઈ સુરેન્દ્રભાઈ સોની (૪૯), મનોજભાઈ સુરેન્દ્રભાઈ સોની (૫૫) અને દિલીપભાઈ હિરજીભાઈ સોની (૬૨) (રહે. તમામ બાપા દયાળુનગર, માધાપર)નું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું જ્યારે અનિતાબેન સોની (૪૦), મહિમા દિનેશભાઈ સોની (૨૦), ખુશીબેન દિનેશભાઈ સોની (૨૦) અને તેમની માતા અનિતાબેન દિનેશભાઈ સોની (૩૮), કિશન મનોજભાઈ સોની (૨૦), લક્ષ્મીબેન સુરેશભાઈ સોની (૬૦), અનિતાબેન દિલીપભાઈ સોની (૫૩) તથા હેત દિલીપભાઈ સોની (૧૮)ને હળવી ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ભુજ જી.કે. જનરલ હોસ્પિટલ ખસેડાયાં હતાં. જ્યારે ગભીર રીતે થવાયેલા એક વ્યક્તિનું સારવારમાં મોત થતાં મૃત્યુ આંક ચાર પર પહોંચ્યો હતો. હાલ બનાવ મામલે પોલીસે નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# જામનગર-જોડિયા હાઈ-વે પર ટ્રક અને કાર વચ્ચે ગંભીર અકસ્માત ૩ લોકોના ઘટનાસ્થળે જ મોત






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક જોડિયા તાલુકા મથકને જોડતા સચાણા ગામ પાસે ગમખ્વાર અકસ્માતની ઘટના બની હતી. જેમાં ૩ વ્યક્તિઓના ઘટના સ્થળે જ મોત થયા છે. ટ્રક અને કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. જેથી કારનો આગળનો ભાગનો ફૂરચો બોલી ગયો હતો. જામનગરની ફાયર બ્રિગેડની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. કારમાં ફસાયેલા વ્યક્તિને બહાર કાઢવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. જ્યારે કારમાં સવાર અન્ય ૧ વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ એમ્બ્યુલેન્સ દ્વારા જી. જી. હોસ્પિટલ ખસેડાયા હતા.જામનગર તાલુકાના સંચાણા ગામ નજીક આવેલા અને જોડિયા ધોરી માર્ગ પર એક ટ્રક અને કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો છે. ટ્રકમાં અડધી કાર ઘૂસી ગઈ હતી. જેથી ૩ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે. જ્યારે ૧ને ગંભીર ઈજા પહોંચી છે. આ તમામ લોકો કારમાં સવાર હતા.આ અકસ્માત એટલો ભયંકર હતો કે, કારનો આગળનો ભાગનો ફૂરચો બોલી ગયો હતો. જેમાં ફસાયેલા વ્યક્તિને બહાર કાઢવા માટે ફાયર બ્રિગેડની મદદ લેવાઈ રહી છે. ફાયરની ટીમે પતરા કાપીને મૃતદેહોને બહાર કાઢ્યા હતા. ઘાયલ થયેલા ઈજાગ્રસ્તને સારવાર માટે તાત્કાલિક જીજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં છે. આ ગંભીર અકસ્માતના બનાવને પગલે ઘટના સ્થળ પર ચાર જેટલી ૧૦૮ પણ પહોંચી હતી અને પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી અકસ્માત કેવી રીતે થયો તેની તપાસ શરૂ કરી છે.

# ધરમનગરમાં પરિણીત પુત્રી પર સાવકા પિતા સહિતના શખ્સોનો હુમલો

## ગોંડલ રોડ પર અજાણ્યા શખ્સોએ યુવાન પર કર્યો હથોડી વડે હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમા ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલા ધરમનગર આવાસ ક્વાર્ટરમાં પૈસાની લેતી દેતીમા સાવકા બાપે રાખેલ સાથે મળી પરિણીત પુત્રીને માર માર્યો હોવાના આક્ષેપ સાથે પરિણીત યુવતીને સારવાર માટે ખસેડવામાં આવી છે. આ બનાવે પોલીસ માંથી જાણવા મળતી વિગત મુજબ ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલા ધરમનગર આવાસ ક્વાર્ટરમાં રેતી આશાબેન રાજેશભાઈ જાટીયા નામની ૨૩ વર્ષની પરણીતા ધર્મને પોતાની પોતાના ઘર પાસે હતી ત્યારે સાવ કા પિતા રાકેશ અને તેની રાખેલ રૂપલબેન સહિતના શખ્સોએ ઝઘડો કરી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલી પરિણીતાને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી પ્રાથમિક પૂછપરછમાં આશાબેનની માતા હીનાબેને રાકેશ સાથે બીજા લગ્ન કર્યા છે અને હીનાબેને રાકેશનું કરજની ભરપાઈ કર્યુ હતું. તે પૈસા પણ આપતો નથી અને આશાબેનને તેની માતાના પૈસાનો હપ્તો લેવા બોલાવી માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં કોઠારીયા રોડ ઉપર આવેલા વિનોદનગરમાં રહેતો વનરાજ વાળા નામનો ૩૨ વર્ષનો યુવાન બપોરના સાડા ચારેક વાગ્યાના અરસામાં ગોંડલ રોડ ઉપર એસટી વર્કશોપ પાસે હતો ત્યારે અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી હથોડી વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલ અને મહારાષ્ટ્રમાંથી બે ટ્રેક્ટર ચોરી કરનાર ત્રણ શખ્સો ઝડપાયા

## જેતપુરમાં દારૂનો વેપલો કરતો બુટલેગર પાસામાં ધકેલાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલના ગ્રામ્ય વિસ્તારમાં અને મહારાષ્ટ્ર ના નંદુબાર ગ્રામ્ય વિસ્તારમાં ટ્રેક્ટર ચોરી કરતી ગેંગ ગોંડલ ના ભગવત પરા ધારેશ્વર રોડ પાસેથી રૂરલ એલસીબી ની ટીમે દબોચી લઈ બે ટ્રેક્ટર ચોરીના ભેદ ઉકેલવી નાખ્યા છે.

આ અંગેની માહિતી મુજબ રૂરલ એલસીબી ટીમના પીઆઇ વીવી ઓડેદરા ની સૂચનાથી પીએસઆઇ એચસી ગોહિલ પીએસઆઇ ડીજી બડવા સહિતનો સ્ટાફ ગોંડલ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ચોરાઉ ટ્રેક્ટર સાથે ગોંડલના ભગવત પરા ધારેશ્વર રોડ વાછરા ચોકડી પાસેથી શંકાસ્પદ રીતે નીકળેલો જગદીશ વિઠ્ઠલ લીલા રહે રાજપરા ગામ તાલુકો કોટડા સાંગાણી તથા સતાર હમીર નકાણી રહે રૂપાવટી ગામ તાલુકો ગોંડલ અને રઘુનાથ ઉર્ફે રઘુ બળવંત ચૌહાણ રહે ગોંડલ ભગવત પરા






કનોડા રોડ મૂળ વતન જયપુરા જિલ્લો પંચમહાલ નામના ત્રણ શખ્સોની અટકાયત કરી આખરી પૂછપર જ કરતા આ ત્રણેય શકશો એ અગાઉ મહારાષ્ટ્રના નંદુબાર જિલ્લાના સાહદા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બે વર્ષ પહેલાં ટ્રેક્ટર ચોરી કર્યાની અને ગોંડલના એડ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક ટ્રેક્ટર ચોરી કર્યાની કબુલાત આપતા પોલીસે બે ચોરાહુ ટ્રેક્ટર કબજે કરી ત્રણેય શકશોની ધરપકડ કરી હતી.

જ્યારે અન્ય એક બનાવમાં જેતપુર ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં વિદેશી દારૂનો વેપલો ચલાવતો બુટલેગર હરેશ ઉર્ફે હરિયો રવજી મકવાણા રહે પાદરના સામાકાંઠે પટેલ ચોક જેતપુર ને અટકાયતમાં લઈ તેના પાસા ના કાગડો તૈયાર કરી જિલ્લા કલેકટર ને મોકલવામાં આવતા આ બુટલેગરને પોલીસે ભુજ જેલમાં પાસામાં ધકેલી દીધો હતો.

# થોરાળાના ગુજસીટોકના ગુન્હામાં આરોપીને જામીન પર છોડવા હુકમ કરતી કોર્ટ

## પોલીસ ચાર વર્ષ પહેલાં આરોપી સેજાદ ઉર્ફે ગોટીઓ જુલાણી તેમજ ટોળકીની ગુજસીટોક હેઠળ અટકાયત કરાઈ 'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

થોરાળા પોલીસ મથક વિસ્તારમાં આરોપી તેની ટોળકી સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવામાં આવી હતી. જે કેસમાં આરોપી સેજાદ ઉર્ફે ગોટીઓ જુલાણી એ કરેલ જામીન અરજી હાઈકોર્ટે મંજુર કરી હતી.

આ કેસની હકિકત મુજબ, વર્ષ ૨૦૨૦ માં થોરાળા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર જી. એમ. હડીયા એ થોરાળા વિસ્તારમાં કેટલાક સમયથી સંગઠીત ગુન્હાઓ આચરતી ટોળકી વિરૂધ્ધ માહિતીઓ એકત્રીત કરતા સેજાદ ઉર્ફે ગોટીઓ હનીફભાઇ જુલાણી તથા તેના સાગ્રીતો સામે ગુજસીટોકના કાયદા હેઠળ ગુનો નોંધી અટકાયત કરી હતી.આ કેસમાં તપાસનીશ અધિકારીને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા સંગઠીત ગુન્હાઓ આચરતી ટોળકીના સભ્યો વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ.જે બાદ આરોપી દ્વારા હાઈકોર્ટમાં જામીન અરજી કરતા આરોપીના વકીલે દલીલો કરેલ કે, આરોપી ઘણા લાંબા સમયથી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય તેમજ તપાસ પુર્ણ થઈ ગયેલ છે. કાગળોમાં તપાસનીશ અધિકારીએ આરોપી વિરૂધ્ધ ચાર ગુન્હાઓ દર્શાવેલ જેમાંથી ગુજસીટોકનો કાયદો અમલમાં આવ્યો ત્યારબાદના બે ગુન્હાઓ છે. ઉપરાંત અન્ય સહતોમતદારોને કોર્ટ દ્વારા જામીન મુકત કરવામાં આવેલ છે. સરકાર તરફે રહેલા વકીલે જામીન અરજીનો સખત વિરોધ કરવામાં આવેલ. બંને પક્ષોની દલીલો,રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ તથા ચુકાદાઓને લક્ષમાં લઈ હાઈકોર્ટેના ન્યાયાધીશ દ્વારા અરજદાર સેજાદ ઉર્ફે ગોટીઓ હનીફભાઈ જુલાણીને જામીન મુકત કરતો હુકમ ફરમાવવામાં આવેલ. આ કામમાં આરોપી વતી વકીલ રણજીત.એમ પટગીર, સાહિસ્તાબેન એસ. ખોખર, દયા કે છાયાણી, નિમેષ જાદવ તેમજ આસિસ્ટન્ટ તરીકે અમાનખાન પઠાણ, તેમજ ગુજરાત હાઈકોર્ટેમાં એડવોકેટ એમ.આઈ. સૈયદ રોકાયા હતા.

# મોરબી રોડ પર ભગવતીપરાના પુલ નીચેથી વિદેશી દારૂની બાર બોટલ સાથે બુટલેગર ઝડપાયો

## રાજકોટ સાપર હાઈ-વે પર દેશી તમંચા સાથે એક ઈસમને ઝડપી લેતી એસઓજી ટીમ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાઠે મોરબી રોડ પર ભગવતી પરા ના પુલ નીચે ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે વિદેશી દારૂ સાથે એક શખ્સ અને રાજકોટ સાપર હાઇવે પર દેશી તમંચા સાથે એસોજી ની ટીમે એક શખ્સને દબોચી લઈ ધોરણ સરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.





પ્રથમ બનાવમાં ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઇ એમ આર ગોંડલીયા ની સુચનાથી પી એસ આઈ ડી સી સાકરીયા તથા હેડ કોસ્ટેબલ હરદેવસિંહ તથા કુલદીપ સિંહ સહિતનો સ્ટાફ સામા કાંઠે મોરબી રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ભગવતી પરા ના પુલ નીચેથી વિદેશી દારૂની બાર બોટલ કિંમત રૂપિયા ₹૨૪,૦૦૦ ની લઈને નીકળેલો ઋત્વિક દીપક સોજીત્રા રહે માટેલ પાર્ક લિજ્જત પાપડ ની પાછળ કોઠારીયા રોડ વાળા શખ્સને દબોચી લઈ રૂપિયા ૬૪૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી ધોરણ સરની કાર્યવાહી બાદ કરવામાં આવી છે.

જ્યારે બીજા બનાવમાં એસ ઓ જી ના પી.આઈ જેએમ કૈલા ની સૂચનાથી એએસઆઈ ફિરોજભાઈ તથા હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ સહિતનો સ્ટાફ ગોંડલ રોડ ચોકડી પાસે રાજકોટ સાપર હાઈવે પર પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન દેશી બનાવટના તમંચા સાથે નિલેશ પ્રવીણ ચૌહાણ રહે ભગવતી નગર સોસાયટી દિલ્હી પત્ર એપાર્ટમેન્ટ શાપર વેરાવળ નામના શખ્સને દબોચી લઈ બે જીવતા કારતુસ સહિત કુલ રૂપિયા ૨૫,૨૦૦ નો મુદ્દામાલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

# સસ્તામાં આઈફોન આપવાના બહાને અનેક યુવાનો સામે ઠગાઈ કરનાર શખ્સ અંતે ઝડપાયો

## થોરાળા પોલીસે સુત્રાપાડાના વાસાવડ ગામેથી બહુનામધારી શખ્સને દબોચી લઈ આઠ ગુનાના ભેદ ઉકેલ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટના થોરાળા પોલીસ મથકમાં નોંધાયેલા ઠગાઈના ગુનાનો ભેદ ઉકેલવાની સુચનાના પગલે પીઆઈ વાઘેલાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલીંગમાં રહેલ પીએસઆઈ એમ એસ મહેશ્વરી અને ટીમે બાતમી આધારે ઉપરોક્ત ગુનામાં સંડોવાયેલ મૂળ સુરતના હાલ ગીરસોમનાથના સુત્રાપાડાના વાસાવડ ગામે રહેતા બહુનામધારી જયેશ ઉર્ફે જયદીપ ઉર્ફે ડેવિલ ઉર્ફે જયુ વિઠ્ઠલભાઈ ઝાલા ઉ.૨૨ને ચુનારાવાડ ચોક પાસેથી દબોચી લીધો હતો આ શખસ ફેસબુકમાં ફેક આઈડી બનાવી મોંઘાદાટ મોબાઈલ સસ્તામાં વેચવાની જાહેરાત પોસ્ટ કરી લોકોને પોતાની જાળમાં ફસાવી ક્યુ આર કોડ મોકલી ઓનલાઈન પેમેન્ટ મેળવી લઈ છેતરપીંડી આચરતો હોવાનું જાણવા મળ્યું હતું તેણે આ પ્રકારે રાજકોટમાં ૩, હળવદમાં ૧ વ્યક્તિ સાથે ૪૫ હજાર, વાંકાનેરમાં૧ વ્યક્તિ સાથે ૫૬ હજાર અને સુરતમાં ૩ વ્યક્તિ સાથે ૮૫ હજારની ઠગાઈ આચર્યાની કબુલાત આપતા પોલીસને ૮ ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. પોલીસની વધુ તપાસમાં અગાઉ ભક્તિનગર પોલીસ મથકમાં એટીએમ તોડવાનો પ્રયાસ, સાયબર ક્રાઈમ પોલીસમાં ઠગાઈ, સુત્રાપાડા અને એ ડીવીઝનમાં ચોરીના ગુનામાં પકડાઈ ચુક્યો હોવાનુઅને એક વખત પાસા તળે જેલયાત્રા પણ કરી ચુક્યો હોવાનું જાણવા મળ્યું છે.

# સાવકી પુત્રીને પૈસા આપવા બાબતે ઝઘડો થતાં પત્નીની હત્યા કરતો પતિ

## લીલીયા તાલુકાના કુતાણ ગામનો બનાવઃ હત્યારો પતિ ભાવનગરથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, લીલીયા**

લીલીયાના કુતાણા ગામે પતિ-પત્ની વચ્ચે પૈસા બાબતે ઝગડો થતાં પતિએ બોથડ પદાર્થના ઘા ઝીંકી ખેત મજૂરી કરતી પત્નીની હત્યા કરી હતી. લીલીયા પોલીસે પતિને ભાવનગરથી ઝડપી લીધો હતો.



આ અંગેની માહિતી મુજબ લીલીયાના કુતાણા ગામે ખેતમજૂરી કરતા કાનજી સોલંકીએ વાડીએ ખેત મજૂરી કરતી પત્ની મંજુલા સોલંકીની હત્યા કરી હતી.આ અંગે પોલીસને જાણ થતાં પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ પહોંચી.મૃતક મંજુલા સોલંકીની લાશને લીલીયા હોસ્પિટલમાં ખસેડી હતી.આ કામના આરોપીને એસપી હિમકરસિંહ, ડીવા.એસ.પી. દેસાઈની સૂચના મુજબ લીલીયા પોલીસની ટીમે ભાવનગર મુકામેથી આરોપી પતિને ઝડપી લીધો હતો અને લીલીયા પોલીસ સ્ટેશનને લાવી પુછપરછ કરતા પતિ પત્નીને પૈસા બાબતે ઝઘડો થતા કાનજી જીવરાજ સોલંકીએ પત્નીની હત્યા કર્યાનું કબુલાત આપી હતી.

ડીવાય.એસ.પી. ચિરાગ દેસાઈના જણાવ્યા પ્રમાણે પતિ કાનજી જેસર તાલુકાના ચપડા ગામના વતની લીલીયાના કુતાણા ગામે દિનેશભાઈ બરવાળીયાની વાડીએ ભાગ્યુ રાખી ખેત મજુરી કરતો હતો. ગઈકાલે સાંજે પત્નીની આગળના ઘરની બાળકીને પૈસા આપવા બાબતે ઝગડો થતા ઉશ્કેરાઈ પત્નીને માથાના ભાગે કોદાળી મારી દેતા પત્નીનુ મોત થયુ હતુ.

# મોરબી જીલ્લામાં કુલ ત્રણ અપમૃત્યુના બનાવ પોલીસ ચોપડે નોંધાયા

## મોરબી જીલ્લામાં ગઈકાલ એક જ દિવસમાં અપમૃત્યુના બનાવમાં એક વૃદ્ધ સહીત ત્રણ વ્યક્તિના મોત નિપજ્યા હતા

**મુખ્ય સમાચાર, મોરબી**

પ્રથમ અપમૃત્યના બનાવની મળતી મહી અનુસાર મોરબી તાલુકાના નીચી માંડલ ગામ નજીક સેગા સીરામીકના કારખાનાની મજુર ઓરડીમા રહેતા મૂળ ટંકારાના વાઘગઢ ગામના વતની શની અરવિંદભાઇ પાટડીયા ઉવ.૨૧ને પથરીનો દુખાવો હોય જેથી દુખાવાથી કંટાળી મનોમન લાગી આવતા પોતે પોતાની જાતે ગઇ તા.૦૯/૦૩ના રાતના આશરે સાડા અગીયારેક વાગ્યાની આસપાસ સેગા સીરામીકના કારખાનાની મજુર ઓરડીમા કોઇ ઝેરી જંતુનાશક દવા પી જતા ઝેરી દવાની અસર થતા પ્રથમ મોરબીની ખાનગી હોસ્પીટલમાં ત્યાથી મોરબી સીવીલ હોસ્પીટલ અને બાદ વધુ સારવાર માટે રાજકોટ સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરતા ચાલુ સારવાર દરમ્યાન ગઇ તા-૦૬/૦૪ના રોજ મરણ જતા મોરબી તાલુકા પોલીસે મૃત્યુ અંગે નોંધ કરી તાપસ ચલાવી છે.

જયારે અપમૃત્યુના નોંધાયેલ બીજા બનાવની મળતી માહિતી અનુસાર ટંકારા તાલુકાના ધુનડા(સ) ગામે રહેતા મનસુખ રૂપાભાઇ પાટળીયા ઉવ-૬૬ એ પોતાની વાડીએ તા-૦૮/૦૪ ના સવારના અગીયારેક વાગ્યે કોઇ અજાણ્યો પદાર્થ પી જતા બેભાન થતા તેને સારવાર અર્થે મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડતા જ્યાં ફરજ પરના ડોક્ટરે મનસુખભાઈને જોઇ તપાસી મરણ ગયેલનુ જાહેર કરતા ટંકારા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસની તજવીજ ચલાવી છે.જયારે ત્રીજા અપમૃત્યુના બનાવની પ્રાપ્ત વિગત અનુસાર હળવદ ટાઉનમાં મોરબી ચોકડી પાસે સાઈન કોટ્સ્પીન પ્રા.લી. ના કારખાનામાં કપાસની ગાસડીઓની થપ્પી મારવાનું મજુરીકામ કરતા કેવલભાઇ દશરથભાઇ રાવળ ઉવ.૩૦ રહે.પ્લોટ નં.૫૭ મકાન નં.૦૩ સિધ્ધીવિનાયક સોસાયટી હળવદ, જે દરરોજના નિત્યક્રમ મુજબ કપાસની ગાંસડીઓની થપ્પી મારતા હોય ત્યારે અકસ્માતે કપાસની ગાસડીઓ કેવલભાઈની માથે પડતા ગાંસડી નીચે દબાઈ જતા માથા તથા છાતીના ભાગે ગંભીર ઈજાઓ થતા મરણ જતા હળવદ પોલીસે અ.મૃત્યુ અંગેની નોંધ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બે દિવસથી ગુમ યુવકનો કુવામાંથી મૃતદેહ મળ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં હર્ષદમિલની ચાલી નજીક મહાવીરનગર વિસ્તારમાં રહેતો ૪૨ વર્ષિય યુવાન બે દિવસ પહેલાં લાપત્તા બન્યો હતો. જેનો ગઇકાલે બપોરે કુવામાંથી મૃત્તદેહ મળી આવ્યો હતો. પંચમહાલ જિલ્લાના ખારોડ ગામે રહેતાં કિરતાલસિંહ



છત્રસિંહ બારિયા નામનો ૪૨ વર્ષિય યુવાન લાપત્તા બન્યો હતો. જે અંગે તેમના પિતા દ્વારા પોલીસમાં જાણ કરતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં કૂવાના જળપ્રવાહમાંથી યુવાનનો મૃત્તદેહ મળી આવ્યાનું સામે આવ્યું હતું. ફાયરે મૃત્તદેહનો સંભાળી કાર્યવાહી આગળ ધપાવી છે.